For Private Circulation Only

વર્ષ ૪, અંક ૨ માર્ચ ૨૦૧૧

India ECHOES
ONE WORLD ONE HUMANITY

શ્રી રામચંદ્ર મિશન®

## ચેન્નાઈ ખાતે પોંગલ





પોંગલના તહેવાર દરમિયાન, મણપાક્કમનો આશ્રમ અભ્યાસીઓની મુલાકાતથી ઉભરાઈ ગયો અને પૂ.માસ્ટરે ભારત અને પરદેશના કેટલાંક અભ્યાસીઓનાં લગ્નો ઉજવ્યાં. જે સ્કોલરોએ મણપાક્કમ અને નટરામપલ્લી આશ્રમ ખાતે એક મહિનાના તાલીમી કાર્યક્રમમાં હાજર રહી તાલીમ લીધી હતી, તેમને તેમણે પ્રમાણપત્રો આપ્યાં. ભાઈ લીંગુસામી, જે અભ્યાસી છે અને એક પ્રખ્યાત તમિલ ફિલ્મ નિર્દેશક પણ છે, તેઓ તેમના ફિલ્મના સાથી કલાકારો સાથે આવ્યા હતા અને તેમણે પૂ.માસ્ટરની ફિલ્મનું, કોટેજ ખાતે, તેમજ પૂ.માસ્ટર આશ્રમમાં ફરવા નીકળ્યા, તે સમયે શુટિંગ કર્યું હતું. જ્યારે માસ્ટર અભ્યાસીઓના એક જૂથ સાથે બાબુજી મંડપ પાસે બેસીને વાતો કરતા હતા, ત્યારે પણ તેમણે ફિલ્મ શૂટિંગ કર્યું હતું.

૧૩મી જાન્યુઆરીએ પૂ.માસ્ટરે વર્કિંગ કમિટીની મીટીંગનું આયોજન કર્યું હતું. પછીથી, કાર્યકર્તાઓ સાથે અનૌપચારિક વાતચીત દરમિયાન તેમણે ભારપૂર્વક કહ્યું કે મિશનના કાર્ય માટે યોગ્ય ઉમેદવારો પસંદ કરવાની ખાસ જરૂર છે. તેમણે કહ્યું, "બાબુજીએ મને કહ્યું હતું કે તમારે એવી જ વ્યક્તિઓ પસંદ કરવી જોઈએ કે જેનું ચારિત્ર્ય અને શિક્ષણ યોગ્ય હોય અને પછી તેમને હું સામર્થ્ય પૂરું પાડીશ."

૧૫મી જાન્યુઆરીએ બાબુજી મેમોરિયલ આશ્રમ ખાતે લગભગ ૧૫૦૦ અભ્યાસીઓ અને ૫૦૦ બાળકો હતા. પૂ.માસ્ટરે સત્સંગ(મેડીટેશન) કરાવ્યો ત્યારબાદ ભાઈ આર. ચક્રપાણિએ તેમના માસ્ટર માટેના પ્રેમની વાત કરીને સૌને ભીંજવી દીધા. તેમણે જૂના તમિલ ફિલ્મના ગીતોને ટાંકયા અને તેનો આધ્યાત્મિકતા સાથે તથા માસ્ટર સાથેનો સંબંધ સરખાવ્યો.

માટ્ટુપોંગલ–દિન તરીકે જાણીતા આ દિવસે, પરંપરા પ્રમાણે આશ્રમના પશુધનની કદર કરવા ૧૯મીએ પૂ.માસ્ટરે ગમાણની વિધિસરની મુલાકાત લીધી. આ દિવસે ખેડૂતો તેમનાં પશુધનને શણગારે છે અને ઉત્સવ મનાવે છે.

આ સમયગાળા દરમિયાન, પૂ.માસ્ટર તેમની દુબઈની મુસાફરી માટેની તૈયારી કરતા હતા. બહુ લાંબા સમયગાળા પછી તેઓ પરદેશ જવાના હતા. ૧૯મી જાન્યુઆરીની સવારે તેઓ દુબઈ જવા નીકળ્યા.





## દુબઈ

### એસ એમ એસ એફ કેન્દ્રનું દુબઈમાં ઉદઘાટન, ૨૧મી જાન્યુઆરી ૨૦૧૧

મધ્યપૂર્વના દેશોમાં એસએમએસએફ ની શરૂઆતને કારણે, આ પ્રસંગ, ઐતિહાસિક દ્રષ્ટિએ યાદગાર બની રહેશે. ૧૯૯૪માં જ્યારે કોઈએ પૂછ્યું હતું, કે આ પ્રદેશમાં ધ્યાનનું કેન્દ્ર ક્યારેય બનશે ખરું? ત્યારે પૂ.માસ્ટરે જવાબ આપ્યો હતો, કે "જો તમે લોકો ધ્યાન કરશો અને તેના માટે ખૂબ મહેનત કરશો, તો તેમની કૃપાથી એ પણ થશે." છેલ્લા બે દાયકાના સમયગાળાના, પૂ.માસ્ટરના અથાક પ્રયત્નો અને આ પ્રદેશની મુલાકાતોથી, તેમજ તેમનાં પ્રેમ અને માર્ગદર્શનના પરિણામે અહીંના સહજ માર્ગ કુટુમ્બમાં, મધ્યપૂર્વના દેશોમાં અભ્યાસીઓની સંખ્યા ૧૫૦૦ થી પણ વધારે થઈ છે, જેમાં લગભગ ૧૦૦ પ્રશિક્ષકોનો સમાવેશ થાય છે.

પૂ.માસ્ટર ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ દુબઈ પહોંચ્યા અને તેમને હ્રદયપૂર્વકનો આવકાર મળ્યો. ભોજનનો સમય થઈ ગયો હોવા છતાં, પૂ.માસ્ટરે તેમને આવકાર આપવા આવેલા સૌ અભ્યાસીઓને સીટીંગ (ધ્યાનની બેઠક) આપવાનું નક્કી કર્યું. ૨૦મીએ માસ્ટરે ઈરાનીયન કલબ ઓડિટોરિયમ ખાતે છેલ્લો સત્સંગ કરાવ્યો અને યાદ કર્યું કે છ વર્ષ પહેલાં અહીં તેમણે સૌપ્રથમ સત્સંગ કરાવ્યો હતો. પછીથી તેમણે ઈરાનીયન કલબના ઓફિસરોને, ગત વર્ષો દરમિયાન કરેલી સહાયની કદરના રૂપે એક યાદગીરી આપી.

૨૧મીએ પૂ.માસ્ટરે ન્યુ દુબઈના ઝડપથી વિકસી રહેલાં જુમરિયા લેક ટાવર્સમાં આવેલા કેન્દ્રનું ઉદઘાટન કર્યું. આશ્રમની કમિટીના સભ્યોએ તથા યુએઈના પ્રશિક્ષકોએ પૂ.માસ્ટરનું સ્વાગત કર્યું. પૂ.માસ્ટરે સ્મારક તકતીનું અનાવરણ કરી, પૂ.બાબુજી મહારાજની સ્મૃતિમાં આ મેડિટેશન સેન્ટર અર્પણ કર્યું.



લગભગ ૧૧૦૦ અભ્યાસીઓ શાંતિથી અગાસીમાં રાહ જોઈ રહ્યા હતા, અને માસ્ટર રીબીન કાપી રહ્યા હતા તે દશ્ય તેઓ ત્યાં મુકવામાં આવેલા જુદા જુદા ટી.વી.માં જોઈ રહ્યા હતા. ત્યાર પછી પાછળનું દશ્ય પ્રગટ કરવા માટે પડદાઓ હટાવવામાં આવ્યા હતા. એ પછી સેન્ટરની દિવાલો પર સજાવેલાં, સહજ માર્ગના ગુરુદેવોએ અવતરણ કરેલાં વાક્યો પર માસ્ટરે નજર નાખી હતી.


સત્સંગ કરાવ્યા પછી, માસ્ટરે આ સુખદ પ્રસંગની નિશાની રૂપે એક સોવિનિયર બહાર પાડ્યું હતું, જેમાં એમણે કરેલા આ વિસ્તારના પ્રવાસોની સચિત્ર યાદીનો સમાવેશ હતો અને અહીં આપેલાં એમની પસંદગીના ભાષણોની ડીવીડી પણ બહાર પાડી હતી.

એમના સમગ્ર મુકામ દરમિયાન, પાકિસ્તાન, કુવૈત, બેહરીન, ઓમાન, ઈરાન, સાઉદી, અલ્જીરીયા, ટ્યુનીશિયા અને ઈજીપ્તથી આવેલા અભ્યાસીઓના નાના જૂથોને માસ્ટર મળ્યા, આ સત્રો દરમિયાન, માસ્ટરે નિખાલસપણે, અને તેમની હળવી શૈલીમાં છતાં ઊંડાણપૂર્વક સૂચનાઓ આપી અને સાથોસાથ પ્રેરણા પણ આપી. અને અભ્યાસીઓને પોતાના તરફ આકર્ષિત કર્યા. પાકિસ્તાનથી આવેલા વીસ અભ્યાસીઓ સાથે પણ એમણે સારો એવો સમય ગાળ્યો હતો. ઘણા બધા માટે, તેમને રૂબરુ મળવાનો આ પહેલોજ અવસર હતો.

કોઈકોઈ વાર, માસ્ટર અભ્યાસીઓના ઘરોની મુલાકાત લેશે, સીટીંગ આપશે અથવા થોડો આરામ કરશે અને આધ્યાત્મિક વિષયો પર વાતો કરશે અથવા થોડી યાદોને વાગોળશે; જે હંમેશાં અભ્યાસીઓની આંતરિક પ્રગતિને પ્રદીપ્ત કરશે. બે પ્રસંગોએ માસ્ટર બજારમાં આંટો મારવા પણ ગયા હતા. વાતાવરણ અને લોકો પર એમની પ્રેમાળ હાજરીની અસર એમણે પાડી હતી જે તેઓ જ કરી શકે છે.

નવું એસએમએસએફ મેડિટેશન સેન્ટર અભ્યાસીઓની પાર્શ્વભૂમિકા, જાતિ અને ધર્મને ધ્યાનમાં લીધા વગર માનવ એકીકરણ માટે એક અર્થસભર સ્થાન બનશે, જેનો લાભ દરેક જણ ઉઠાવી શકશે. જે આપણી ભાવિ પેઢીઓમાં






વ્યક્તિગત શાંતિ અને સહિયારો સુમેળ લાવવા માટે હશે.

### માસ્ટર તરફથી કેટલાક મોતીઓ

- બાબુજી વારંવાર કહેતા હતા, "કંઈ પણ જેટલું દેખાય છે એટલું સરળ નથી અને જેટલું મુશ્કેલ દેખાય છે એટલું મુશ્કેલ પણ નથી, કંઈ પણ!"
- એક બહેને માસ્ટર પાસે આવીને કહ્યું, "મારે તમારી સહાયતાની જરૂર છે." માસ્ટરે જવાબ આપ્યો, "આપણે બધાને સહાયતાની જરૂર છે, હું તમને સહાય કરીશ, તમારે મને સહાય કરવી જોઈએ, મારે તમને સહાય કરવી જ જોઈએ, અને આપણે સાથે જ ચાલીશું. હું મજાક નથી કરતો, હું હસું છું પણ હું મજાક નથી કરતો. હું ગંભીર છું. હું મારી સહાયતા માટે વચન આપું છું અને તમે પણ મને તમારી સહાયતા આપો."
- "આપણી સભાઓ માત્ર શિક્ષણને લાગતીવળગતી જ ના હોવી જોઈએ, એ પ્રેરણાદાયી પણ હોવી જ જોઈએ."
- આ વિસ્તારમાંના લોકોની જીવનની શૈલી વિશે બોલતાં માસ્ટરે કહ્યું, "પરિવર્તન આવી રહ્યું છે, ભલે ધીમે ધીમે, પણ જરૂર આવી રહ્યું છે. એ માટે ધીરજ અને પ્રાર્થનાની જરૂર છે."

## માસ્ટરની ઉત્તર ભારતની મુલાકાત

૨૮મી જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૧

દુબઈ (યુ.એ.ઈ.)માં દસ દિવસના રોકાણ બાદ માસ્ટર ૨૮મી જાન્યુઆરીના રોજ દિલ્હી આવ્યા હતા. ૨૯મીએ એમણે બે સત્સંગ કરાવ્યા હતા અને ત્યાર પછી ૩૦મીએ ગુરગાંવ આશ્રમ ગયા હતા, જ્યાં એમણે રવિવારનો સતસંગ કરાવ્યો હતો. સત્સંગ પછી, પૂ. માસ્ટરે તાજેતરમાં જ સ્થાપિત કરાયેલી દ્રોણાચાર્યની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. બપોરના ભોજન પછી, તેઓ એમની ઓફિસની બહાર આવ્યા હતા અને અભ્યાસીઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ૧લી






ફેબ્રુઆરીએ, એમણે બે લગ્નો કરાવ્યાં હતાં અને ત્યાર પછી રોડ માર્ગે રૂદ્રપુર જવા રવાના થયા હતા.

### લાલાજી મહારાજના જન્મદિનની વાર્ષિક ઉજવણી નિમિત્તે રૂદ્રપુરમાં

રૂદ્રપુર ખાતે એ પળ અનન્ય હતી, જ્યાં માસ્ટરે કોટેજની અંદર જ સવારે ૭.૩૦ વાગે સત્સંગ કરાવ્યો હતો. આપણા આદિગુરુ લાલાજી મહારાજના જન્મદિનની વાર્ષિક ઉજવણી માટે આજુબાજુનાં સેન્ટરોમાંથી લગભગ ૨૦૦ અભ્યાસીઓ એકત્રિત થયા હતા. માસ્ટર ઘણા જ ખુશખુશાલ હતા અને એમની આજુબાજુના અભ્યાસીઓ પણ માસ્ટરને તણાવ રહિત જોઈને ખુશ હતા. સાંજના ૫.૦૦ વાગે માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો, ત્યાર પછી ભાઈ ગુરપ્રિતનાં ભજનો રાખવામાં આવ્યાં હતાં. માસ્ટરની ખુશી માટે 'આફતાબે મારફત'થી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સતખોલ ખાતે આવેલા હિમાલયન આશ્રમની મુસાફરી પહેલાં રૂદ્રપુરનું માસ્ટરનું રોકાણ આરામદાયી રહ્યુ હતું.

### નૌકુચિયાતલ ખાતે રોકાણ

૪થી ફેબ્રુઆરીએ માસ્ટર નૌકુચિયાતલ જવા રવાના થયા હતા. નૌકુચિયાતલ ખાતેની માસ્ટરની ઓફીસનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો અને તેમાં કરાયેલા ફેરફાર એમને ગમ્યા હતા. ત્યાં એમણે એક દિવસ વધારે રહેવાનું જાહેર કર્યું હતું. માસ્ટર એમની ઓફીસમાં દરરોજ સવારે અને સાંજે સત્સંગ કરાવતા હતા. લગભગ ૨૦૦ અભ્યાસીઓ અગાસીમાં અને ઓરડાઓમાં ઘણી જ શિસ્તબધ્ધ રીતે બેસતા હતા. બીજા દિવસે અવિધિસરના વકતવ્યમાં તેઓ ખુશી અને દુ:ખ વિશે બોલ્યા હતા. ખુશી વ્યક્તિને કેવી રીતે નબળી બનાવે છે અને દુ:ખ વ્યક્તિને કેવી રીતે મજબૂત બનાવે છે એ તેમણે કહ્યું હતું. એક મુલાકાતીએ માસ્ટરને પૂછ્યું હતું કે જો આપણાં હૃદય પહેલેથી જ શુધ્ધ હોય, તો આધ્યાત્મિક અભ્યાસની જરૂર આપણને શા માટે પડે છે? માસ્ટરે કહ્યું કે, હૃદય શુધ્ધ હોવું એ પૂરતું નથી. એ પાયાની જરૂરિયાત છે. એકવાર હૃદય શુધ્ધ થયા પછી એમાં દિવ્યતાને મુકવાની જરૂર પડે છે. માસ્ટરે રવિવાર સવારનો સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર પછી તેઓ સતખોલ જવા રવાના થયા હતા.

### વસંત પંચમી માટે સતખોલ




રોડ ખરાબ હોવાને કારણે થકવી નાખનારી મુસાફરી પછી, માસ્ટર ૬ ફેબ્રુઆરીએ સવારે ૧૧.૦૦ વાગે સતખોલ આવી પહોંચ્યા હતા. જે અભ્યાસીઓ પરવાનગી લીધા વગર આવ્યા હતા એમને જમ્યા પછી પાછા જવાનું કહેવામાં આવ્યું હતું. ૭મીએ માસ્ટરે સવારે ૯.૦૦ વાગે સત્સંગ કરાવ્યો હતો અને તે પછી બે લગ્નો કરાવ્યાં હતા, અને લાયબ્રેરી અને સેમીનાર ખંડનું ઉદ્દ્ઘાટન કર્યું હતું અને આ મુલાકાત દરમિયાન જ ત્યાં એક સેમિનાર યોજવાની દરખાસ્ત મુકી હતી.

૮મીએ સવારે ૯.૦૦ વાગે માસ્ટરે વસંત પંચમીના રોજ સત્સંગ કરાવ્યો હતો. થોડા વર્ષોથી વસંત પંચમીનો ઉત્સવ નિયમિતરૂપે તેઓ સતખોલ ખાતે ઉજવી રહ્યા છે. સત્સંગ કરાવ્યા પછી, તેઓ થાકી ગયા હોવા છતાં પણ, મિશનનાં નવાં પ્રકાશનો જાહેર થાય ત્યાં સુધી બેઠા હતા. એક અભ્યાસી ભાઈ, જેઓ મેનેજમેન્ટ આયોજન કરવામાં નિષ્ણાત છે, એમણે યોજેલા મેનેજમેન્ટના સિધ્ધાંતોના વિષય પર રાખવામાં આવેલા સેમિનારમાં પૂ.માસ્ટર હાજર રહ્યા હતાં અને આ દોઢ કલાકના વકતવ્યનો અતિશય આનંદ તેમણે માણ્યો હતો, જેને તેમને નવચેતના પણ પ્રદાન કરી હતી. ત્યાર પછી તેઓ ઓફિસ તરફ ચાલતા ગયા હતા અને રસ્તામાં આવતાં દેવદારનાં વૃક્ષોના ઉછેરનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર પછી ઓફિસની સામે, બધાની સાથે માસ્ટર ઉજાણીમાં જોડાઈ ગયા હતા.


### હલ્દવાનીમાં નવા આશ્રમનું ઉદ્દ્ઘાટન

૯મી ફેબ્રુઆરીએ, માસ્ટર રૂદ્રપુર જવા નીકળ્યા હતા. ૧૧મીએ સવારે તેઓ નવા જ બાંધવામાં આવેલા આશ્રમનું ઉદ્દ્ઘાટન કરવા ગયા હતા. એમના આગમન સમયે, આશ્રમ તરફ જતા રસ્તા પર ધજાઓ સહિત









હલ્દવાની

એમનો સત્કાર કરવામાં આવ્યો હતો(આ વિસ્તારમાં પારંપારિક રીતે કરવામાં આવેલી સજાવટથી). માસ્ટરે આશ્રમની આરંભવિધિ શિલાને અનાવરણ કરી હતી. અને રીબીન કાપ્યા પછી એમની ઓફિસમાં એમણે પ્રવેશ કર્યો હતો.

સ્થાનિક બહેનોએ, પારંપરિક રંગીન કપડાં પહેરીને ગીતો ગાયા હતાં. એ પછી માસ્ટરે બાબુજી મહારાજને પ્રસાદ અર્પણ કર્યો હતો. રસોડામાં અગ્નિ પેટાવ્યા બાદ, તેઓ અગાસીમાં બહાર આવ્યા હતા, જેને એમના મંચ તરીકે તૈયાર કરવામાં આવી હતી, જ્યાંથી તેમણે લગભગ ૧૨૦૦ અભ્યાસીઓ માટે સત્સંગનું સંચાલન કર્યું હતું. એ પછી માસ્ટરે ભાષણ આપતાં કહ્યું હતું કે આશ્રમોનો ઉપયોગ માત્ર આધ્યાત્મિક પ્રગતિ માટે જ કરવો જોઈએ. અભ્યાસીઓ સાથે તેઓ તડકામાં બેઠા હતા અને ધ્યાન દરમિયાન એમને થયેલા અનુભવો તેમણે સાંભળ્યા હતા. જમ્યા પછી, માસ્ટર રુદ્રપુર પાછા આવ્યા હતા.

પ્રવાસ દરમિયાનનાં કેટલાંક અવતરણો

★તમે જ્યારે સખત મહેનત પૂર્વક કાર્ય કરો ત્યારે તે કાર્ય તમે હૃદયપૂર્વક કરો તો તમને કોઈ હાનિ પહોંચાડવાની હિંમત કરશે નહીં.

★નિર્ણય લેવા અને એ નિર્ણયનો અમલ કરવાની વચ્ચે ઈચ્છાશક્તિ એક બળ છે.

★ઈચ્છાશક્તિને કાર્યરત કરવી એ જ શિસ્ત છે.

★પ્રેમ કરવા માટેની નામરજી એ પ્રેમ કરવાની અણઆવડત કરતાં જુદી વાત છે.

★બાબુજીનું અવતરણ આપતાં, માસ્ટરે કહ્યું હતું, "ચિંતા એ ખોટા માર્ગે વાળતો વિચાર છે."

★ખુશી અસ્થાયી હોય છે, પણ આનંદ એક અવસ્થા છે.

૧૨મીની સાંજે માસ્ટરે એમના કોટેજની બહાર વિદેશી અભ્યાસીઓના જૂથ દ્વારા ગીત અને વાંસળી વાદનનો આનંદ માણ્યો હતો. બીજા દિવસે એમણે રવિવારનો સત્સંગ કરાવ્યો હતો અને પછી દિલ્હી જવા રવાના થયા હતા. રસ્તામાં મોરાદાબાદ ખાતે તેઓ ભોજન લેવા રોકાયા હતા.



દસ વર્ષના ગાળા પછી માસ્ટરની વર્તમાન લાંબી આધ્યાત્મિક મુસાફરીમાં જોધપુરની ટૂંકી મુલાકાતનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. રાજસ્થાનથી આવેલા જે ૩૦૦૦ હજાર અભ્યાસીઓ એકત્રિત થયા હતા, એમણે અનુભવ્યું હતું કે નવો મેડિટેશન હોલ આ રણ પ્રદેશ માટે એમને માટે આધ્યાત્મિક હરિયાળીરૂપે ભેટ હતી.

માસ્ટર દિલ્હીથી વિમાન માર્ગે ૧૫મી ફેબ્રુઆરીના રોજ આવ્યા હતા, તેઓ તેમની સાથે સૂર્યપ્રકાશ અને આગલા બે દિવસોથી વરસતા વરસાદમાંથી રાહત લઈને આવ્યા હતા. રુદ્રપુર અને દિલ્હીની લાંબી મુસાફરી કરવા છતાં પણ તેઓ તાજગીભર્યા દેખાતા હતા.

માસ્ટર બે વાર બહાર આવ્યા અને અભ્યાસીઓ સાથે વાતચીત કરી ત્યારે અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા. માસ્ટર જ્યારે અભ્યાસિઓ સાથે લોન પર બેઠા અને લાંબો સમય સુધી વાતો કરી ત્યારે કોટેજના દરવાજા ખુલ્લા રાખવામાં આવ્યા હતા. એક બહેને જ્યારે એમનો ચરણસ્પર્શ કર્યો, ત્યારે એમણે કહ્યું હતું કે આપણી પદ્ધતિમાં એની મંજૂરી નથી અને આવી ક્રિયાઓથી આવનારાં પરિણામોનો વિચાર કર્યા વિના આપણે એમ કરવું જોઈએ નહીં. એમણે એ પણ સલાહ આપી હતી કે જે લોકો પદ્ધતિની વિરુદ્ધમાં છે અને જે લોકો અભ્યાસીઓનો સક્રિય વિરોધ કરે છે એમના માટે આપણે પ્રાર્થના કરવી જોઈએ.

૧૬મી ફેબ્રુઅરીએ સવારે ૯.૧૫ વાગે જોધપુર આશ્રમનું ઉદ્દ્ઘાટન કર્યા પછી, માસ્ટરે તાજેતરમાં બાંધવામાં આવેલા મેડિટેશન હોલમાં સત્સંગ કરાવ્યો હતો. ત્યાર પછી બહેન રંજના મહેતાએ કેટલાંક ભજનો ગાયાં હતાં, માસ્ટરે ઓફિસની મુલાકાત લીધી હતી અને અભ્યાસીઓ સાથે વાતચીત દરમિયાન સૂર્યપ્રકાશનો આનંદ માણવા થોડીવાર ત્યાં બેઠા હતા. જે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો એમને મળવા સાંજે તેઓ બહાર આવ્યા હતા.

૧૭મી ફેબ્રુઆરીએ જે અભ્યાસીઓએ સત્સંગમાં હાજરી નહોતી આપી અને એને બદલે કોટેજની બહાર એમની રાહ જોઈ રહ્યા હતા, તેમના પ્રત્યે માસ્ટરે નારાજગી વ્યક્ત કરી હતી. માસ્ટરે બધાજ સ્વયંસેવકોને સવારે ૧૧.૩૦ વાગે સીટીંગ આપી હતી. ઐતિહાસિક સ્થળોની મુલાકાત વિશેની ચર્ચા દરમિયાન, માસ્ટરે કહ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ કોઈપણ વાસ્તવિક મૂલ્ય કરતાં અહંકારમાં વધારો કરનારી હોય છે. માસ્ટર બપોર પછી દિલ્હી જવા રવાના થયા.


## જોધપુર : સ્મરણિય મુલાકાત


મોરાદાબાદ


જોધપુર




# નવા પ્રકાશનો





અવાર સોલ્વાધુ ચાથેનીલ III
તામિલ





હાર્ટ સ્પીક ૨૦૦૬
કન્નડ



ટ્રૂથ ઈટરનલ
મલયાલમ





કંપ્લીટ વર્કસ ઓફ રામ ચંન્દ્ર (લાલાજી), વોલ્યુમ II, હિંદી




ધી વંડરફુલ ૧૦ એન્ડ વ્હાય
સ્પેનીશ, ડેનીશ, ઈટાલીયન, જર્મન, અંગ્રેજી, હિંદી, ફ્રેન્ચ, અને પોર્ટુગીઝમાં

બસંત દરમિયાન માસ્ટર દ્વારા વિમોચિત થયેલા પ્રકાશનો.





હાર્ટ સ્પીક ૨૦૦૮
મરાઠી




હાર્ટ સ્પીક ૨૦૦૮
ગુજરાતી




હાર્ટ સ્પીક ૨૦૦૮
હિંદી




પ્રે ફોર ચેઈન્જ
ડીવીડી સેટ

# સૂચનાઓ

## નવી નીમણુંકો

**અજય કુમાર ભટ્ટર**
ઝેડ.આઈ.સી, પશ્ચિમ બંગાળ, (ઝોન ૧૩)

**મિસાલ મહેતા**
કેંન્દ્ર પ્રબંધક, કોલકાતા કેંન્દ્ર.

**દીપક સાહ**
સી.આઈ.સી, હલ્દવાની.

**અનિલ કુમાર બિષ્ત**
હલ્દવાનીના આશ્રમ પ્રબંધક

## માસ્ટરના જન્મદિનની ઉજવણી

માસ્ટરે તેમના ૮૫મા જન્મ દિવસને ૨૩મી જુલાઈ થી ૨૫મી જુલાઈ દરમિયાન ડાયમંડ જ્યુબીલી પાર્ક, તિરુપ્પુર(તામિલ નાડુ) ખાતે ઉજવવા માટે પરવાનગી આપવાની કૃપા કરી છે. તે ભારત માટેનો રાષ્ટ્રીય સ્તરનો ઉત્સવ હશે. બધા અભ્યાસીઓને ઉત્સવમાં ભાગ લેવા અને આપણા પ્રિય માસ્ટરની ઉપસ્થિતિમાં રહેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.

## ભૂતકાળમાં એક ડોકિયું

બાબુજીની મલેશીયાના પ્રવાસની પૂર્વ સંધ્યાએ તેઓ થોડા દિવસ ચેન્નાઈમાં રોકાયેલા હતા. માસ્ટરની રોજનીશીમાંથી ઉતારેલો સાર નીચે મૂજબ છે.



રવિવાર, ૩જી એપ્રીલ, ૧૯૭૭:
બાબુજી 'ગાયત્રી'માં સવારે ૮ વાગે આવ્યા. બહારગામથી આવેલા અભ્યાસીઓ રવિવારના સવારના સત્સંગમાં ભાગ લઈ શકે તે માટે સત્સંગનો સમય બદલીને સવારે ૯ વાગે કરાયો. મીશનના નેલ્લોર કેંન્દ્રમાંથી એક વધારાની બસ ભરીને અભ્યાસીઓ આવી જતાં, ઘર અભ્યાસીઓથી ભરચક થઈ ગયું હતું. એક અંદાજ પ્રમાણે તે સવારે પાંચસોથી વધારે અભ્યાસીઓ 'ગાયત્રી' ખાતે હાજર હતા. ઉપરની અગાસી, ભોંયતળીયાનો ખંડ, બહારનો વરંડો, ઝાંપાથી ઘર સુધીનો રસ્તો, બધા તેમની ક્ષમતાનુસાર ચિક્કાર થઈ ગયા હતા. વસંત પંચમી જેવું વાતાવરણ છવાઈ ગયું હતું. બાબુજીએ તેમના કક્ષમાંથી ચાળીસ મિનીટથી વધારે પ્રાણાહુતિ આપી હતી. તે એક ઉત્તમ ધ્યાનની બેઠક હતી.

ધ્યાનની બેઠક પછી, બધા જ અભ્યાસીઓને ઈડલી, વડાઈ, ચા અને કેળાનો નાસ્તો આપવામાં આવ્યો હતો. આ સેવા દોઢ કલાક ચાલી હતી. માસ્ટર આરામ કરી શકે તે માટે આખો સમુદાય સવારે ૧૧:૩૦ વાગે વિખરાયો. ઈડલી અને સાંભારના બપોરના હળવા ભોજન પછી, બાબુજીએ સાંજ સુધી સારો આરામ કર્યો હતો. સાંજે ૪:૦ વાગે અભ્યાસીઓ ફરીથી એકત્રિત થયા અને આખુ ઘર ફરીથી ખચોખચ ભરાઈ ગયું. બંન્ને જગ્યાએ, ઉપરના માળે અને ભોંયતળીએ, પ્રશિક્ષકો શ્રી એસ.કે.રાજગોપાલન, શ્રી સી.એ. રાજગોપાલાચારી અને શ્રી વી.વેંકટપથી દ્વારા સહજ માર્ગ ઉપર એક સાથે પ્રવચનો આપવામાં આવ્યા હતા. પ્રશ્નોત્તરના સત્રો પણ રાખવામાં આવ્યા હતા. સાંજે ૬:૩૦ વાગે માસ્ટરે ફરીથી લગભગ વીસ મીનીટ માટે સત્સંગનું સંચાલન કર્યુ હતું. રાત્રી ભોજન પછી, માસ્ટર બસંત નગર જવા રવાના થયા હતા. તે બધા માટે ખૂબ જ આનંદનો અને આધ્યાત્મિક લાભનો દિવસ હતો. બાબુજી ઘણા ખુશ હતા કે આટલે દૂરથી, આટલા બધા લોકો તેમને મળવા આવ્યા હતા. આંન્ધ્રાથી ત્રણ બસ ભરીને આવેલા અભ્યાસીઓ તે સાંજે પાછા જવા રવાના થયા હતા. અલબત્ત, બહારગામથી આવેલા મોટાભાગના અભ્યાસીઓ તેમના ઘરે જવા સાંજે નીકળી ગયા હતા.

યાત્રા, ભાગ ૨, બ્લોસમસ ઈન ધ ઈસ્ટ

# પૂજ્ય લાલાજી મહારાજની

## ૧૩૯મા જન્મજયંતિની ઉજવણી

"આનંદ ક્યાંય બહાર નથી. તે મનોવૃત્તિની સ્થિરતામાં છે અને મનને અંદર તરફ વાળવામાં છે. જેઓ આ રહસ્યને જાણે છે તેઓએ આનંદને બહાર શોધવાની જરૂર નથી."–લાલાજી મહારાજ



જોધપુર



બેંગ્લોર

આપણા મીશનના આદિ–ગુરૂ, સમર્થ ગુરૂ પૂજ્ય લાલાજી મહારાજની ૧૩૯મી જન્મજયંતિ દેશભરના વિવિધ કેંન્દ્રોમાં ખૂબ જ ઉસ્તાહપૂર્વક અને ભક્તિ ભાવથી ઉજવવામાં આવી હતી. લગભગ બધા જ કેંદ્રોએ કાર્યક્રમની શરૂઆત સવારના ૭:૩૦ વાગ્યાના સત્સંગથી કરી હતી. ઘણાએ લાલાજીના જીવન ઉપરની વિડીઓ દર્શાવી, લાલજી મહારાજ ઉપરના, આપણા માસ્ટરના વાર્તાલાપો સંભળાવ્યા, 'ટ્રુથ ઈટર્નલ' ઉપર ચર્ચાઓ યોજી, અભ્યાસીઓ અને બાળકો દ્વારા થોડા ભજનો, નાટીકાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા અને ઓપન હાઉસ સત્રો અથવા ૨૦૧૦ નિબંધ સ્પર્ધાનું ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આખા દિવસના કાર્યક્રમનું સમાપન સાંજના સત્સંગ સાથે થયું હતુ.

આ પ્રવૃત્તિઓ ઉપરાંત, અલહાબાદ યુ.પીના ડૉ.વી.કે. અગ્રવાલ દ્વારા દાંતના દવાખાનાનું ઉદઘાટન કરાયું હતુ નિબંધ સ્પર્ધાના પ્રમાણપત્રોનું વિતરણ થયું હતુ. ઈન્દોર(એમ.પી.) ખાતે લગભાગ ૮૦૦ અભ્યાસીઓ મીશનની નવી જમીન ઉપર એકત્રિત થયા હતા અને 'મારી પોતાની અંદર મેં અનુભવેલા પરિવર્તનો' વિષય ઉપર આત્મનિરીક્ષણના સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું જેમાં અભ્યાસીઓએ પોતાના અનુભવો એક બીજા સાથે વહેંચ્યા હતા. વિજયવાડા(એ.પી.)માં, વાર્તાલાપો ઉપરાંત, લગભગ ૪૦૦ અભ્યાસીઓ માટે ગુરુજીઓના ઉપદેશ ઉપર પ્રશ્ન હરિફાઈ રાખવામાં આવી હતી. હૈદરાબાદમાં, થુમકુંટા આશ્રમ ખાતે લગભગ ૨૦૦૦ જેટલા અભ્યાસીઓએ 'સ્વ–ચિંતનની શક્તિ' ઉપર નાટીકા ઉપરાંત હ્રદયસ્પર્શી નૃત્ય ગાયન 'ગુરૂ પાદુકાભ્યમ' ના કાર્યક્રમો નિહાળ્યા હતા.



હુબલી

અંગુલ(ઓરિસ્સા)માં ૧૨૦ ઉપરાંત અભ્યાસીઓએ વાર્તાલાપો અને લાલાજી મહારાજના જીવન ઉપરનું ચલચિત્ર, એક ઓપન હાઉસ અને એક સાંસ્કૃતિક કર્યક્રમનું આયોજન કર્યું હતુ. રાષ્ટ્રિય પાટનગર દિલ્હી ખાતે બે નાટીકાઓ 'લક્ષ્ય' અને 'કઢપુતલી' ભજવાઈ હતી કે જેમાં આત્મસમર્પણ દ્વારા ઈચ્છાઓ થી ઈચ્છારહિતતાનું અને સંસ્કારો થી સ્વતંત્રતાનું વર્ણન કરવામાં આવ્યું હતું.



ઈન્દોર

કર્ણાટકમાં ચિંચોલી, ચિત્તાપુર, વાડી, શાહપુર, અને સેદામ જેવા ઉપ–કેંદ્રોના લગભગ ૩૫૦ અભ્યાસીઓએ ગુલબર્ગા કેંન્દ્ર ખાતે ઉત્સવમાં ભાગ લીધો હતો. સિર્સી, બેલુર, ધારવાડ, કલ્લુર, ગડગ, નવનગર, નવલકુંડ અને હવેરી કેંન્દ્રોના લગભગ ૨૪૦ અભ્યાસીઓએ હુબલી કેંન્દ્ર ખાતે ઉત્સવમાં હાજરી આપી હતી. યુવાનોએ 'ગરૂડની દ્વિધા' ઉપર ખૂબ જ સરસ રીતે નાટીકા ભજવી હતી. જ્યારે બેંગ્લોરમાં ૧૫૦૦ જેટલા અભ્યાસીઓએ, ગુરુજીઓ અને તેમના ઉપદેશો અને ભંડારાના સંસ્મરણો ઉપરના વાર્તાલાપો સાથે પરમ ધામ ખાતે આ દિવસ ઉજવ્યો હતો. મેંગ્લોર અને કોલ્લેગલ ખાતે લાલાજી મહારાજના ઉપદેશો અને લખાણો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.



Lalpania

જોધપુર (રાજસ્થાન) ખાતે જેસલમેર રોડ ઉપર આવેલા કેરુ ગામની નજીક નવા આશ્રમની જમીન ઉપર ઉત્સવ યોજાયો હતો. ગુરૂ–શિષ્યના પ્રેમને દર્શાવતી જીવંત નાટીકા ભજવવામાં આવી હતી. ગુવાહાટી અને તિન્સુકીઆ(આસામ)માં તેનું નિરીક્ષણ કરો, આજ્ઞાપાલન કરો અને અનુકરણ કરો ઉપર વાર્તાલાપો રખાયા હતા.



હૈદરાબાદ

તિરુનેલ્વેલિ, (તામિલ નાડુ)માં ભાઈ એ.પી દુરાઈ (સહ–મંત્રી) ઉત્સવ માટે ઉપસ્થિત હતા જ્યાં કન્યાકુમારી, પનગુડી, કોલીઆનકુલમ, વડકાંગુલમ, તુતીકોરીન, તેંકાસી, નાગરકોઈલ, રાજાપલાયમ, કોવીલપટ્ટી અને થોવાલાઈ કેંન્દ્રોના લગભગ ૨૫૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. ત્રણ બહેનોએ લાલાજીના લખાણો, લાલાજીનું જીવન અને લાલાજીના ઉપદેશો ઉપર ટુંકા અને વ્યવસ્થિત વાર્તાલાપો આપ્યા. માસ્ટરોના ઉપદેશો ઉપર સમૂહ ચર્ચાઓ બાદ તેની ઉપર રજુઆત કરવામાં આવી. બપોરના ભોજન બાદ 'ચિઠ્ઠી ઉપાડો અને બોલો' સત્રમાં અભ્યાસીઓ અપાયેલા વિષયો ઉપર સ્વયંસ્ફુરણાથી બોલ્યા.



મેંગ્લોર

## પ્રકાશનું નવું કેંન્દ્ર – થંજાવુર

તામિલનાડુમાં આવેલ થંજાવુર જીલ્લો આપણા માસ્ટરનું જન્મસ્થળ છે. તેમના હૃદયની ઊંડી ઈચ્છા હતી કે અહીં મીશનનો એક આશ્રમ હોય. ઘણાં વર્ષોની ખોજ પછી અભ્યાસીઓ થીરુવારુર જતા માર્ગ પર ૧૪ કીલોમીટર દૂર યોગ્ય જમીન ખોળી કાઢવામાં સફળ થયા છે. ગુરુજીની ઈચ્છા મુજબ, નારીયેળી, કેસ્યુરીના અને આંબાઓથી ભરપૂર દસ એકર જમીન ઉપર ફેલાયેલુ ઉપવન, આશ્રમ માટે ઉપાર્જીત કરવામાં આવ્યું છે.

તદુપરાંત, વીસ એકર જમીનમાં એક અભ્યાસી વસાહતનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુરુજીની ઈચ્છાને માન આપીને બગીચો થઈ શકે તેવા વિશાળ ૪૦૦૦ ચોરસ ફૂટના જમીનના પ્લોટો અભ્યાસીઓને ફાળવવામાં આવ્યા છે. સ્થળ ઉપર વિપુલ માત્રામાં પાણીના સ્ત્રોત ઉપલબ્ધ છે.

જમીનના ટુકડાની કિંમતમાંજ રસ્તાઓ, પાણીનો પુરવઠો, ગટર વગરે સગવડ આપવામાં આવેલી છે તેથી અભ્યાસીઓ મકાનોનું બાંધકામ તરત જ શરુ કરી શકશે અને આગામી આશ્રમને મદદારૂપ થઈ, તેનો ઉપયોગ કરી શકશે.

## તણાવ સંચાલન ઉપર કાર્યશાળા, વિશાખાપટ્ટનમ

૯મી ફેબ્રુઆરીના રોજ, આઈ.એન.એસ સતવાહન ખાતે ભારતીય નૌકા સેનાના ખલાસીઓ અને અધિકારીઓ માટે 'તણાવ સંચાલન(સ્ટ્રેસ મેનેજમેન્ટનું)'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના એક દિવસ અગાઉ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત, સબમરીન શાળાના મુખ્ય અધિકારી કમાન્ડર શ્રીરામ આમુર દ્વારા થઈ. ભાઈ શ્રી વી.આર.એસ નાગસર્માએ 'ધ્યાન દ્વારા તણાવ અને સમયનું સંચાલન' વિષય ઉપર પ્રવચન આપ્યું હતું અને સહજ માર્ગનું તત્વજ્ઞાન સમજાવ્યું હતું. ભાઈ શ્રી જી.વી રવિન્દ્રએ હિંદીમાં વાર્તાલાપ આપ્યો હતો અને તેના પછી પ્રશ્નોત્તરીનું સત્ર હતું, જેમાં વિવિધ શંકાઓનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું હતું.

ભાઈ શ્રી કે.એસ.સપ્તમુખુલુએ બધા જ ૧૫૦ સહભાગીઓને વિશાખાપટ્ટનમ આશ્રમની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. ઘણાએ સહજ માર્ગના અભ્યાસમાં રસ દાખવ્યો હતો અને ઈચ્છુક અભિલાષીઓને પ્રારંભિક બેઠકો આપાઈ હતી.







## વી.બી.એસ.ઈ કાર્યક્રમ, વડોદરા.

વડોદરા કેંન્દ્રના વી.બી.એસ.ઈ.ના સ્વયંસેવકોએ બરોડા હાઈસ્કુલ, અલકાપુરીના છઠ્ઠા અને સાતમા ધોરણના ૪૫ વિદ્યાર્થીઓ માટે "સંઘ ગઠન" વિષય ઉપર ત્રણ કલાકની કાર્યશાળાનું સંચાલન કર્યું હતું. કાર્યશાળાનું આયોજન સંઘ ભાવનાના મહત્વ ઉપર ભાર મૂકવા ઉપર હતું, જે હાસ્ય રસીક શૈલીમાં કરવામાં આવ્યું હતું. સંઘ ગઠનના પાંચ "સી" (પ્રતિબધ્ધતા, ફાળે આવતી મદદ, સહકાર, માહીતીની આપ–લે, આંતરિક સંઘર્ષ કેવી રીતે ટાળવો.) ને સુસંગત અભ્યાસ અને રજૂઆત દ્વારા સમજાવવામાં આવ્યા હતાં.

'હંસોની ઊડાન' નું વર્ણન કરતી રજુઆત દ્વારા પ્રતિબધ્ધતાનો મુદ્દો દર્શાવાયો હતો. વસ્તુઓની યાદદાસ્ત અને માહીતીની આપ–લેની અગત્યતા દર્શાવવા ઉપરની પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવ્યું હતું. 'તમારાથી શક્ય હોય તેટલું જીતો' આ રમત સહકાર અને સહિયારા લક્ષ્યના આશયને ઉપસાવવા રમાડાઈ હતી.

વિદ્યાર્થીઓએ દરેક પ્રવૃત્તીમાં ખૂબ જ ઓતપ્રોત થઈને ધ્યાનપૂર્વક ભાગ લીધો હતો. શાળાએ આ કાર્યક્રમોની કદર કરી હતી અને વિદ્યાર્થીઓ માટે અન્ય વિવિધ વિષયો ઉપર નિયમિત રીતે કાર્યશાળાઓ યોજવા કાર્યકરોને આમંત્રિત કર્યા હતા.

## પ્રશિક્ષકોની સભા, નત્રમપલ્લી.

તામિલનાડુના લગભગ ૫૫ પ્રશિક્ષકો માટે ૭મી અને ૮મી જાન્યુઆરીના રોજ, નત્રમપલ્લી આશ્રમ ખાતે એક પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. ભાઈ શ્રી એ.પી દુરાઈ (જોઈન્ટ સેક્રેટરી) અને ભાઈ શ્રી એસ. પ્રકાશે(ઝોનલ ઈન ચાર્જ) કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. ભાઈ શ્રી પ્રકાશે કેંન્દ્રોના વિકાસ માટે શું કરવું જોઈએ અને નવા પ્રશિક્ષકોની પસંદગી માટેના માપદંડો વિષે વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. ભાઈ શ્રી એ.પી. દુરાઈએ કહ્યું, જે અભ્યાસીઓ મીશનના કામ સાથે સંકળાયેલા છે, તે બધા અભ્યાસીઓની માસ્ટર કદર કરે છે. પ્રશિક્ષક થવા અપેક્ષિત ઉમેદવારે તેના કામમાં સામેલ થઈને પોતાનો તરવરાટ સાબિત કરવો જોઈએ. ભાઈ શ્રી પેરુમલે(નિર્દેશક, કેસ્ટ, બેંગ્લોર), તાલિમની જરૂરીયાત ઉપર વકતવ્ય આપ્યું હતું. અને ભાઈ શ્રી એન. એસ. નાગરાજે 'મીશનનો વિકાસ અને તેની સામેના પડકારો' ઉપર વકતવ્ય આપ્યું હતું.

ભાઈ શ્રી પ્રકાશે સુવર્ણ મૌન સત્ર દરમ્યાન આત્મનિરીક્ષણ માટે સહાયરૂપ થવા દસ પ્રશ્નો આપ્યા હતા. વિવિધ વિષયો ઉપર સમૂહ ચર્ચાઓ રાખવામાં આવી હતી, જેવા કે 'બીજાને ચારિત્ર્ય ગઠન માટે કેવી રીતે પ્રોત્સાહિત કરવા', 'ગૃહ સભાઓ અને ઓપન હાઉસના સંચાલન કરવાના અનુભવો', 'સહજ માર્ગ વિષેની ખોટી માન્યતાઓ અને તેમને ખંડીત કેવી રીતે કરવી', 'આપણે ઓપન હાઉસ ધ્યાનની બેઠકો આપવા ઉપરાંત માસ્ટર માટે શું કરી શકીએ' અને 'આદર્શ અભ્યાસી અને આદર્શ પ્રશિક્ષકનો સ્પષ્ટ ખ્યાલ કેવી રીતે બાંધવો'. પ્રશિક્ષકો માટેની બે રમતો દ્વારા ખૂબજ મજા અને હાસ્ય ફેલાયું હતું. પ્રશિક્ષકોએ પોતાના પૂર્વાગ્રહોને ખંડીત કરવાની અને દરેકને ભેગા થવાની આ એક તક હતી. પ્રશ્નોત્તર સત્રમાં પાંચ સભ્યોની સમિતિ દ્વારા જવાબો અપાયા હતા. પરિસંવાદનો અંત ક્રીકેટની રમત સાથે આવ્યો હતો.

## મહાશાળાના વિદ્યાર્થીઓને સંબોધન, પાલક્કડ, કેરાલા.

ભાઈ શ્રી રવિન્દ્રનાથને અને ભાઈ શ્રી એ. કે. મોહનદાસે તારીખ ૨૭મી ડીસેમ્બર, ૨૦૧૦ના રોજ પાલક્કડ, મન્નમપટ્ટા ખાતે, વી. ટી. ભટ્ટથીરીપાદ કૉલેજના વિદ્યાર્થીઓને 'ધ્યાન' અને 'ધ્યાનની જરૂરીયાત અને તેના લાભ' વિષય ઉપર સહજ માર્ગનો યોગ્ય સંદર્ભ આપીને સંબોધન કર્યું હતું.

વ્યક્તિત્વના વિકાસમાં અને દૈનિક જીવનમાં એકાગ્રતા અને શિસ્તના વિકાસમાં ધ્યાનની ભૂમિકા વિશે વિસ્તારપૂર્વક સમજણ અપાઈ હતી. ભાઈ શ્રી રવિન્દ્રનાથને યુવાનોને સત્તાથી અધિકૃત કરવાના અને જીવનમાં લક્ષ્યને સુનિશ્ચિત કરવાના મહત્વ ઉપર વક્તવ્ય આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સંકલ્પ શક્તિને વિકસાવવા, તેમના અહંકારને સૂક્ષ્મ કરવા અને આળસને વશ કરવા ઉપર ભાર મૂક્યો હતો.

એકાગ્રતા, ગુસ્સાનું સંચાલન વગેરે વિષયો ઉપરના સવાલોના જવાબો અપાયા અને કાર્યક્રમનું સમાપન ભાઈ શ્રી વત્સકુમારના આભારના પ્રસ્તાવ સાથે થયું હતું, જેમના સંપર્કની જાણકારી સહભાગીઓને તેમની પ્રથમ ધ્યાનની બેઠકના પ્રારંભ માટે ફાળવવામાં આવી હતી.

## સમૂહ ચર્ચા, મુરાદાબાદ

યોગાશ્રમ, મોરાદાબાદ ખાતે છઠ્ઠી ફેબ્રુઆરીના રોજ પૂરા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પચાસથી વધારે અભ્યાસીઓએ 'ચારિત્ર્ય ગઠન' વિષય ઉપર ચર્ચા કરી હતી, જેની શરૂઆત ભાઈ શ્રી શ્રવણના પ્રારંભિક વક્તવ્યથી થઈ હતી. ચારિત્ર્ય ગઠનના વિષયની ચર્ચા, દરેક પાસાઓને આવરી લઈને વિગતવાર કરવામાં આવી હતી. ભાઈ રામ, બહેન નીલમ અને ભાઈ અજીતે કાર્યક્રમનું અને પ્રશ્નોત્તર સત્રનું ઉત્સાહભેર સંકલન કર્યું હતું.

## બેંગ્લોરમાં ફેકલ્ટી(શિક્ષક) વિકાસ કાર્યક્રમ

બેંગ્લોર કેંન્દ્ર ખાતે મિશનની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઓપન હાઉસ, વી.બી.એસ.ઈ., સ્વાગત કક્ષ, ઉદ્દઘોષણા અને યુવા કાર્યક્રમોમાં ભાગ લેવા રસ ધરાવતા અભ્યાસીઓ માટે નક્કર આધાર ઊભો કરવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

વક્તા જ્યારે શ્રોતાગણને સંબોધી રહ્યા હોય, ત્યારે જે મુદ્દાઓ અનુસરવાના હોય છે તે, જેવા કે વિષ્ય સૂચી, શારિરીક હાવભાવ, અવાજની ગુણવત્તા, લય વગેરેને આ કાર્યક્રમમાં આવરી લેવાયા હતા. કાર્યક્રમને ત્રણ મહીનાના ગાળામાં ત્રણ સત્રોમાં વહેંચી દેવામાં આવ્યો હતો જેમાના બે સત્રો બનશંકરી આશ્રમ ખાતે રખાયા હતા અને અંતિમ સત્ર નિવાસી કાર્યક્રમ હતો જે ક્રેસ્ટ ખાતે રખાયો હતો.

કેટલાક અનુભવી વક્તાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને તેમના અનુભવો કહ્યા હતાં. ભાગ લેનારાઓને વિષયો સોંપાયા હતા અને તેમની ઉપર પાંચથી સાત મિનીટ માટે બોલવા માટે કહેવામાં આવ્યું હતું અને તે પછી તેઓને સુધારણાની જરૂરીયાત વાળા ક્ષેત્રો ઉપર માહિતી અપાઈ હતી. ક્રેસ્ટ ખાતેના અંતિમ સત્રનું સમાપન ભાગ લેનારાઓએ તેમની નિપૂણતાના ક્ષેત્રોમાં કામની સોંપણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમે અભ્યાસીઓને મીશનની કેટલીક પ્રવૃત્તિઓ માટે નવી તક આપવા સુવિધા કરી આપી હતી. ગુરુજીની કૃપાથી તે તેમના સ્વ–વિકાસ માટે અને મીશનના વિકાસ માટે પણ સહાય કરશે.

## યુવાનો ઉપર ધ્યાન કેંન્દ્રીત કરો, હૈદરાબાદ

ઝોનલ આશ્રમ, હૈદરાબાદ, ખાતે ૮મી અને ૯મી જાન્યુઆરીના રોજ લગભગ ૧૨૦ ભાગ લેનારાઓ માટે એક 'યુવા સંમેલન' રખાયુ હતું. ભાઈ શ્રી અનંથે (ઝોનલ ઈન ચાર્જ) કહ્યું કે આપણા ભૌતિક જીવનમાં આપણે જે પણ કરીએ, તેને આપણા આધ્યાત્મિક ધ્યેયને આધાર આપવો જોઈએ.

'મિલાનની યુવા કાર્યશાળા', 'ચીનના પરિસંવાદો' અને 'આધ્યાત્મિકતા–– ભાઈચારા અને સંવાદિતાની નવી કેળવણી' જેવાં વિષયો ઉપરની વીડીઓ અને સીડીઓ દર્શાવાઈ હતી. ભાગ લેનારાઓ ઉત્સાહભેર થોડી રમતો રમ્યા હતા અને સ્વયંસેવાનું કામ કર્યું હતું.

બાબુજીના જીવન ઉપરનું ચલચિત્ર 'સમયમાં યાત્રા ભાગ ૧' અભ્યાસીના હૃદયને સ્પર્શી ગયું હતું. ભાઈ અનંથ, બહેન મધુમતિ, અને ભાઈ શ્રીનિવાસ રાવે પ્રશ્નોત્તર સત્રનું સંચાલન કર્યું, જેમાં સાધાનાના લગભગ બધા જ મુદ્દા આવરી લેવાયા હતા. ભાઈ રઘુએ મિશનની પ્રવૃત્તિઓ અને વહીવટ ઉપર રજૂઆત કરી જેના વિષે ઘણાને જાણકારી નહોતી. ઘેરા આધ્યાત્મિક વાતાવરણમાં નિર્ધારિત કરેલા છ સત્સંગોએ ભાગ લેનારાઓને આત્મસાત કરવામાં મદદ કરી હતી.

૧૧મીથી ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમિયાન ઉત્સાહી, આશાસ્પદ ૧૫ યુવાન ભાગ લેનારાઓના જૂથ માટે 'વિકાસ માટે સામેલ થાવ' એ વિષય માટે યુવા કાર્યશાળાનું પણ સંચાલન કરાયું હતું. ભાઈ અનંથે કાર્યશાળાના વિષય ઉપર વાર્તાલાપ આપ્યો હતો. આત્મનિરીક્ષણ સત્ર સાથે બે વ્યક્તિઓના વિચારોનો વિનીમય, નાના જૂથમાં વિચારોની આપ–લે, દરેક ભાગ લેનારાઓ માટે વ્યક્તિગત ધ્યાનની બેઠક, દરેક ભાગ લેનાર માટે સમૂહ પ્રાર્થના, દ્રશ્ય–શ્રાવ્ય સત્રો અને રાત્રી ભોજન પછી યુવાઓના મનોરંજન માટે એક સુંદર ચલચિત્ર દર્શાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરેક ભાગ લેનારે આંતરિક પરિવર્તનના મહત્વને, તેમના વિકાસમાં તેના વ્યક્તિગત સમાવેશ માટેની બહોળી સમજને અને તેમના વિકાસ માટે અનુભવાતી અંતઃપ્રેરણાને અભિવ્યક્ત કર્યા હતા. સત્રના અંતમાં અમે તેમના વિકાસ માટેના આંતરિક વિશ્વાસને તેમના ચહેરાઓ ઉપર છલકતા જોઈ શક્યા હતા. બન્ને કાર્યક્રમો માટેના પ્રતિભાવ સકારાત્મક હતા અને મોટા ભાગના ભાગ લેનારાઓએ કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં ભાગ લેશે.







શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## ભુવનેશ્વર ખાતે બહેનોની પહેલ

ભુવનેશ્વર કેંન્દ્રની અભ્યાસી બહેનોએ ઑકટોબર ૨૦૧૦થી મહીનામાં એક વાર મળવાનુ શરૂ કર્યુ છે. અત્યાર સુધી, તેઓની ચાર બેઠકો થઈ છે જેમાં એક પ્રશિક્ષક બહેન પણ હોય તેમ તેમણે સુનિશ્ચિત કર્યું હતું. તેઓ સહજ માર્ગનું કોઈ એક અગત્યનું લાક્ષણિક પાસુ લઈને, તેમના મંતવ્યો/અનુભવો એકબીજા સાથે વહેંચે છે અને તેના ઉપર જો કોઈ સ્પષ્ટીકરણ જોઈતું હોય, તો તે પ્રશિક્ષક બહેન દ્વારા પૂરુ પડાય છે. તેમની પહેલી ચાર બેઠકોમાં ધ્યાન, સફાઈ, પ્રાર્થના અને આશ્રમને આવરી લેવામાં આવ્યા હતા. એવું જાણમાં આવ્યું છે કે આવી બહેનોની અંદર અરસ–પરસ ચર્ચા કરતી બેઠકો સાધનાના મૂળભૂત ખ્યાલોને સ્પષ્ટ કરવામાં મદદ કરે છે અને આખા દિવસના રખાતા કાર્યક્રમોમાં ચર્ચાઓમાં સક્રીય ભાગ લેવા તેઓને મદદ કરે છે.

બહેનોએ કેંન્દ્ર ખાતે રસોડાની પણ પુનઃગોઠવણ કરી છે અને દર રવિવારે સવારે સત્સંગ પછી નાસ્તો આપવામાં આવે છે.

છેલ્લા ત્રણ મહીનાઓથી, દરેક આખા દિવસના કાર્યક્રમમાં બધા અભ્યાસીઓ દ્વારા ચર્ચા પૂરી થયા પછી અર્ધા કલાકનું મૌન રખાય છે. તેઓ આવું કેંન્દ્ર ખાતે કામ કરતી વખતે, પુસ્તકો વાચતી વખતે અથવા ફકત આંખો ખુલ્લી રાખી બેસી રહીને કરે છે. આ રીતે સારી રીતે કામ થઈ રહ્યું છે અને હવે અભ્યાસીઓ આવા મૌન સત્રોની રાહ જોઈ રહ્યા છે.

## અભ્યાસી તાલિમ કાર્યક્રમ.

ભારતમાં અભ્યાસી તાલિમ કાર્યક્રમોનું (એ.ટી.પી) સંચાલન વિવિધ કેંન્દ્રોમાં કરવામાં આવે છે. આ કાર્યક્રમોનો ધ્યેય સહજ માર્ગ સાધનાની વધારે જાગૃતતા પેદા કરવાનો છે અને અભ્યાસીઓને પોતાની સાધના વિષે જે પણ કંઈ સંદેહ હોય, તો તેને સ્પષ્ટ કરવાનો છે. આ કાર્યક્રમ ધ્યાન, સફાઈ, દસ નીયમો, પ્રાર્થના અને સતત સ્મરણનો વિગતવાર ખુલાસો કરે છે. પ્રશ્નોત્તર સત્ર બધા સંદેહોને સ્પષ્ટ કરવા મદદ કરે છે. નીચેની યાદીમાં દર્શાવેલા કેંન્દ્રોએ એટીપીનું સંચાલન કરેલું છે અને અભ્યાસીઓ તરફથી મળેલો પ્રતિભાવ ખૂબજ પ્રોત્સાહજનક હતો. અભ્યાસીઓએ જણાવ્યું કે આ કાર્યક્રમ તેમની સાધનાને યોગ્ય વલણ સાથે અભ્યાસમાં મદદ કરશે અને તેમની સાધનાને વધારે ગંભીર રીતે કરવા અંતઃપ્રેરણા આપશે. તેમણે અભિપ્રાય આપ્યો કે બધા અભ્યાસીઓને ફરી તાજા કરાવતા આવા તાલિમ કાર્યક્રમો સમયાંતરે થવા જોઈએ.


Valsad

## 'ડેઈલી રીફલેક્શન' ઉપર પહેલ

'ડેઈલી રીફલેક્શન' આપણા મીશન દ્વારા આપણા ગુરુજીઓના અવતરણોને તેના સદસ્યોને દરરોજ પૂરી પડાતી નિઃશુલ્ક ઈ–મેઈલ સેવા છે. તેના વિષે અભ્યાસીઓમાં જાગૃતતા પેદા કરવા મધ્યપ્રદેશમાં વિદિશા ખાતે ૧૭મી જાન્યુઆરીના રોજ આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૫ દિવસો સુધી, અભ્યાસીઓની એક ટુકડીએ 'ડેઈલી રીફલેક્શન' તેમના હિંદી ભાષાંતરો સાથે વાંચ્યા જે મીશનના સાહિત્યમાંથી મેળવવામાં આવ્યા હતા. દરેક અભ્યાસીને એક સંદેશો આપવામાં આવ્યો હતો અને તેણે પોતાની સાધનાનુ, વર્તણુંકનુ, આચરણનુ અને સમજનું આત્મનિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાનું હતું અને તેમને પોતાના વિચારોને બધા સાથે વહેંચવાનું કહેવામાં આવ્યું હતું.

મૌનનો અવાજ, મૌન, સમય, સંસ્કાર, મન ઉપરની છાપો, મિશન, ઈશ્વરને અનુભવો, હું છું, બાળકો, મન, આશ્રમો, કેવી રીતે કામ કરવું, આપણે મળીએ છીએ, ધર્મ અને આધ્યાત્મિકતા તથા પ્રગતિ જેવા વિવિધ વિષયો આવરી લેવાયા હતા. જે અભ્યાસી ભાઈઓએ તથા બહેનોએ ભાગ લીધો તેમનો પ્રતિભાવ ઉત્સાહપ્રેરક હતો અને તે ફાયદાકારક જણાયો. આ કાર્યક્રમે કેંન્દ્રના અભ્યાસીઓમાં 'ડેઈલી રીફલેક્શન' વાંચવા માટે જાગૃતિ પેદા કરી હતી.


Gulbarga


Raichur


Mumbai

### વલસાડ, ગુજરાત

ભરુચ, સુરત, નવસારી, વાપી, ખેરગામ કિલ્લા પારડી અને વલસાડ કેંન્દ્રોના ચોવીસ અભ્યાસીઓએ વલસાડ આશ્રમ ખાતે રખાયેલા આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. અભ્યાસી તાલિમ કાર્યક્રમનું સંચાલન ગુજરાતીમાં થયું હતું.

### ગુલબર્ગા, ઉત્તર કર્ણાટક

તાલિમનું સંચાલન ૨જી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ, ગુલબર્ગા આશ્રમ ખાતે ભાઈ શ્રી પ્રહલાદ પાકનીકર દ્વારા થયું હતું અને તેમાં ચાળીસ અભ્યાસીઓએ હાજરી આપી હતી.

### રાઈચુર, ઉત્તર કર્ણાટક

ભાઈશ્રી પ્રહલાદ પાકનીકર અને ભાઈશ્રી નિજલીંગપ્પાએ ૯મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ રાઈચુર આશ્રમ ખાતે લગભગ ચાળીસ અભ્યાસીઓ માટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### ખારઘર, નવી મુંબઈ

બહેન નંદીતા માથુરે એક અભ્યાસી બહેનના ઘરે પંદર અભ્યાસીઓ માટે અભ્યાસી તાલિમ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### જોગેશ્વરી, મુંબઈ

બહેન સુનીતા દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં અગીયાર અભ્યાસીઓએ હાજરી આપી હતી.

# નિબંધલેખન ૨૦૧૦ પ્રમાણપત્રનું વિતરણ


Paramakudi



Allahabad


Naharlagun

આવનાર પેઢીને પ્રોત્સાહિત કરી સ્વજીવનમાં નીતિ અને ચારિત્ર્ય વિશે વિચારતા કરવા, ઉપરાંત તેમના હૃદયમાં સહજમાર્ગનાં મૂલ્યો, વૈશ્વિક પ્રેમ, ભાઈચારો અને માનવ એકતાના બીજારોપણ દ્વારા વ્યકિતગત પરિવર્તન લાવવા સમગ્ર ભારતમાં નિબંધલેખન ઉત્સવ દર વરસે યોજાય છે. આ વરસે ૧૧,૫૦૦ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓમાંથી ત્રણ વિભિન્ન ઉમરવર્ગમાંથી ૫,૦૦,૦૦૦ યુવાઓએ નિમ્નલિખિત વિષયો ઉપર નિબંધલેખન કર્યુ.

- ચારિત્ર્યની દિવાલ જીવનને સુરક્ષિત રાખે છે.
- સ્વતંત્રતા એ સ્વચ્છંદતા નથી પણ પોતાને યોગ્ય લાગે તે પસંદગી કરવાનું શાણપણ છે.
- મહત્ત્વાકાંક્ષાથી આકાંક્ષા તરફ અને મેળવવા થી બનવા તરફ.

નિબંધોનું મૂલ્યાંકન કરી, દરેક કેન્દ્ર દીઠ પ્રમાણપત્રો તથા ઈનામોના વિતરણ માટેના કાર્યક્રમનું આયોજન થયું, જેમાં વિદ્યાર્થીઓનાં વાલીઓ, શિક્ષકો તથા પ્રધ્યાપકોને પણ નિમંત્રવામાં આવ્યા હતા.

## મધ્યપ્રદેશ

૨૩ મી જાન્યુઆરીનાં દિવસે મધ્યપ્રદેશ ઝોનના વિજેતાઓને એક ઓપન હાઉસમાં આમંત્રિત કરી પુરસ્કારથી નવાજવા માટે એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઈનામ વિતરણ બાદ 'જીવનમાં મૂલ્યોનું મહત્વ' વિષય ઉપર વાર્તાલાપ પણ રાખવામાં આવ્યો હતો. અંતમાં મિશન અને આધ્યાત્મિકતા ઉપર પ્રાથમિક માહિતિ આપવામાં આવી, જેના ફળસ્વરૂપ ઘણા લોકોએ મિશનમાં જોડાવા રસ બતાવ્યો હતો.

## અરૂણાચલ પ્રદેશ

ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, શિલોંગ (મેઘાલય), ઈમ્ફાલ અને સી.સી. પુર(મણિપુર)માંની ૫૩ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. નહારલાગુન આશ્રમમાં ૩૦ જાન્યુઆરીનાં રોજ યોજાયેલ ઈનામ વિતરણમાં લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિજેતાઓને ઝોનલ કક્ષાએ અને સ્કુલ કક્ષાએ સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. પૂજ્ય માસ્ટરનો સંદેશ (યુવાઓને સંદેશ,૧૯ઓકટોબર ૨૦૦૯,દુબઈ) વિડિયો કેસેટથી બતાવવામાં આવ્યો હતો. ઝોનલ કક્ષાએ વિજયી વિધાર્થીઓને તેમનાં અનુભવો જણાવવા વિનંતી કરવામાં આવી હતી.

## તમિલનાડુ

સેન્ટ થોમસ અંગ્રેજી માધ્યમ હાઈસ્કૂલ, ગુદાલુર મધ્યે ૫ ફેબ્રુઆરીનાં રોજ પ્રથમ કાર્યક્રમનું આયોજન થયું. દૂર-સદૂર ગુદાલુર જેવા નાનકડા ગામમાં આવા પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું તેની હાજર રહેલાઓએ સરાહના કરી.

૬ ફેબ્રુઆરીનાં રોજ ઉટી કેંદ્રમાં લગભગ ૧૦૦ વિધાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. બંને પ્રસંગોમાં ભાઈ વિશ્વનાથ (ઝોનલ ઈન્ચાર્જ) અને ભાઈ એમ.એમ. ધનુમૂર્તિ એ સહજમાર્ગ ઉપર વકતવ્ય આપ્યું. શાળાના કેટલાંક પ્રિંસિપાલો અને વિજયી વિધાર્થીઓએ પણ તેઓનાં વિચારો અને અનુભવો જણાવ્યા.

૧૩ મી ફેબ્રુઆરીનાં રોજ અવિનાશી તથા પુલિયમપટ્ટીની ૨૦ શાળાના ૨૦ વિજેતાઓને સન્માનવાનો કાર્યક્રમ અવિનાશી કેંદ્રમાં યોજાયો હતો. લગભગ ૬૦ નિમંત્રિતો હાજર રહ્યા હતા. ભાઈ ટી.વી.વિશ્વનાથે વિધાર્થીઓમાં નિબંધલેખનના આવા ઈચ્છિત મૂલ્યો વિકસાવવા મિશન દ્વારા જે પ્રયત્ન થાય છે તેના ઉપર વકતવ્ય આપ્યું હતું. ભાઈ શેષા મનિકંદને વર્તમાન તણાવપૂર્ણ દુનિયામાં ધ્યાનનાં મહત્વ ઉપર પ્રવચન આપ્યું હતું.

પરમકુડી કેન્દ્ર મધ્યે ૬ ફેબ્રુઆરીનાં રોજ નવ સ્કૂલ તથા બે કોલેજના વિધાર્થીઓએ ભાગ લીધો હતો તેમાંથી જુદા જુદા વયજુથમાંથી ૧૪ વિજેતા પસંદ થયા હતા.

ભાઈ કન્નન અને ભાઈ મુરુગને વ્યકિતના ચારિત્ર્ય નિર્માણમાં આંતરદ્રષ્ટિ કેળવવામાં નિબંધ લેખનના કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. સહજમાર્ગ સાધના દ્વારા ભૌતિક તથા આધ્યાત્મિક જીવનમાં શું ફાયદો થાય તેના ઉપર વ્યક્તવ્યો આપવામાં આવ્યા હતાં. હાજર રહેલા શિક્ષકોને સહજમાર્ગ સાહિત્યમાંથી કેટલીક ચોપડીઓ આપવામાં આવી અને કેટલાંક શિક્ષકોએ તથા વિજેતાઓએ પોતાનાં વિચારો પણ રજુ કર્યા હતા.

## આંધ્રપ્રદેશ

૬ ફેબ્રુઆરીના રોજ લગભગ ૫૦૦ વ્યકિતઓ કે જેમાં જુદીજુદી સંસ્થાઓના વિધાર્થીઓ, તેઓનાં વાલીઓ, પ્રિન્સીપલો, પ્રધ્યાપકો અને શિક્ષકો વિશાખાપટ્નમ આશ્રમમાં હાજર રહ્યા હતા. લગભગ ૧૦,૦૦૦ પ્રતિસ્પર્ધીઓમાંથી ૧૬૦ ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



Ooty


Avinashi


Indore



Tinsukia


Hyderabad


Ranchi

સેન્ટર ઈન્ચાર્જ ભાઈ ગોપાલ રાવ, પ્રિસેપ્ટર ભાઈ વી.આર.એસ.એન. શર્મા અને ભાઈ પી.વી.જી.કે.મૂર્તિ એ આધ્યાત્મિક જિંદગીનું મહત્વ, લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ લાવવી, ચારિત્ર્ય નિર્માણ, માનવમૂલ્યો અને મૂલ્ય આધારિત શિક્ષણ ઉપર પ્રવચનો આપ્યા હતાં. આ ઝોનમાંથી ૯ વિજેતાઓ રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બન્યા હતા.

હૈદરાબાદમાં થુમકુન્ટા ખાતે ઝોનલ આશ્રમ મધ્યે ૬ ફેબ્રુઆરીનાં રોજ કાર્યક્રમ યોજાયો હતો. પ્રતિસ્પર્ધામાં લગભગ ૨૫૦ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૪૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મધુમતિબેને સભાને સંબોધન કર્યુ હતું. ભાઈ અનંત (ઝોન ઈન્ચાર્જ), ભાઈ શ્રીનિવાસ રાવ (સેંટર ઈન્ચાર્જ) અને ડો. કમલ રાજ (યુનો) દ્વારા ઈનામો અને સર્ટિફિકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્કૂલ કક્ષાએ, ઝોનલ કક્ષાએ, અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતાઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. ગિતાજંલી દેવાશ્રય સ્કૂલનાં નવનીત ક્રિષ્નન, રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ શ્રેણીમાં રનર્સઅપ રહ્યા હતા. મહેમાનોને સહજમાર્ગ વિશે માહિતગાર કરવા સ્વાગતકક્ષ દિવસ દરમ્યાન કાર્યરત રહ્યો હતો.

## રાંચી

મુખ્ય અતિથિ ડો. શ્યામ નારણ, રજીસ્ટ્રાર સેન્ટ્રલ યુનિવર્સિટી ઝારખંડ, નાં સાનિધ્યમાં રોટરી હોલ, રાંચી મધ્યે ત્રીસ બાળકોને ઝોન કક્ષાએ સર્ટિફિકેટ્સ અને ઈનામોથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાઈ મનોજ તિવારીએ નિબંધ લેખનનાં હેતુઓ વિશે વક્તવ્ય આપ્યું હતું. જુદી જુદી સ્કૂલોમાંથી આવેલ વિદ્યાર્થીઓએ નિબંધ લેખનમાં ભાગ લેવા, તેમણે કરેલ તૈયારીઓનાં અનુભવો અને જિંદગીની યાત્રા અને ઉદ્ધેશ વિશે તેમની સમજમાં આવેલ પરિવર્તનની વાત કરી હતી.

મુખ્ય અતિથિએ ચારિત્ર્ય દ્વારા જિંદગીનું જતન કેવી રીતે થાય છે, તેની વિગતવાર ચર્ચા કરી હતી. સ્વાતંત્ર્યનો સાચો અર્થ ખરેખર શું છે અને આપણું જીવન અર્થપૂર્ણ બનાવવામાં તેનું મહત્વ સમજાવ્યું હતું. શ્રીમતી શશી, એક સ્પર્ધકની માતાએ મિશનનાં કાર્યના વખાણ કર્યા હતા તથા એક શિક્ષક શ્રી આલોકે મિશનનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આસામ

ગૌહાતી મધ્યે, ૮૪ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ભાઈ પરિજીત ફુકાનના(સેન્ટર ઈન ચાર્જ) વકતવ્યથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમણે મિશન વિશે વાત કરી હતી. ભાઈ અશોક સેનગુપ્તાએ મનનું નિયમન અને હૃદય પર ધ્યાનનાં મહત્વ વિશે સંભાષણ કર્યું. તેમણે વૈશ્વિક ભાઈચારા માટે યુનો અને એસ.આર.સી.એમ. સંયુકત રીતે જોડાયા છે તેની માહિતી આપી હતી. વધુમાં મૂલ્ય આધારિત શિક્ષણની સમજણ પણ આપી હતી. તેથી વિદ્યાર્થીઓ , શિક્ષકો અને વાલીઓ ધ્યાન તથા આધ્યાત્મિકતા ઉપર ગહન ચર્ચા કરવા માટે પ્રેરિત થયા હતા.

તિનસુખિયા આશ્રમમાં બીજી ફેબ્રુઆરીએ લગભગ ૬૦ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રિંસીપાલો તથા વાલીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ભાઈ કૈલાસ અગ્રવાલ(સેંટર ઈન્ચાર્જ) અને (ગૌહાતી કેન્દ્રના)ભાઈ અશોક સેનગુપ્તા દ્વારા મિશન અને તેની વૈશ્વિક પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. તેમણે વિદ્યાર્થી જીવનમાં ધ્યાનનાં મહત્વ વિશે અને મૂલ્ય આધારિત શિક્ષણ ની સરળ પધ્ધતિ નું વ્યાવહારિક નિર્દેશન પણ કર્યુ જેનાથી શ્રોતાવર્ગ પ્રેરિત થયો હતો.

## વેસ્ટ બેંગાલ

બાબુજી મેમોરિયલ આશ્રમ, કોલકતા મધ્યે ૨૩ જાન્યુઆરીનાં રોજ કાર્યક્રમનું આયોજન થયું હતું. ભવાનીપુર ગુજરાતી એજ્યુકેસન સોસાયટી નાં પ્રમુખ શ્રી મંગલ સંઘવી કે જેઓ શિક્ષણ શાસ્ત્રી તથા પરોપકારી વ્યક્તિ તરીકે વિખ્યાત છે, તેઓ પ્રમુખ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. શ્રી કેશવ પ્રધાન, નાયબ નિવાસી તંત્રી, ટાઈમ્સ ઓફ ઈંડિયા, માનદ અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

આ વરસે ઝોનમાં લગભગ ૪૫ સંસ્થાઓએ ભાગ લીધો જેમાં દાર્જીલીંગ, સિલગુરી અને રાનીગંજ ઉપરાંત કોલકતાની સ્કૂલો પણ સંલગ્ન હતી.

કાર્યક્રમમાં ૫૦ થી અધિક વિજેતાઓ, ૮૦ વાલીઓ અને શિક્ષકો હાજર રહ્યા અને મુખ્ય અતિથિ શ્રી કેશવ પ્રધાનનાં પ્રેરક પ્રવચનથી લાભાન્વિત થયા. ત્યારબાદ ભાઈશ્રી રિશભ કોઠારીએ શ્રી રામચંદ્ર મિશન અને યુનોની સમાન ધ્યેય માટેની ભાગીદારી વિશે સંક્ષેપમાં વાત કરી.

ઝોન માટે આનંદની વાત એ હતી કે હુઈસા ગનેરીવાલ, લોરેટો હાઉસ(પ્રથમ સ્થાન વિભાગ–૧) અને ઈપ્સિતા દાસગુપ્તા (દ્વિતિય સ્થાન વિભાગ–૨) કોલકતામાંથી રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થયા હતા. બધા વિજેતાઓને સર્ટિફિકેટ્સ તથા યુથ–અ ટાઈમ ઓફ પ્રોમીસ એન્ડ ફોર એફર્ટની પ્રત આપવામાં આવી હતી.

આશ્રમનાં પ્રચુર અને પ્રશાંત વાતાવરણથી હાજર સૌ કોઈ આત્મનિરિક્ષણમાં ખોવાઈ ગયા, અને મિશન અને તેની પ્રવૃતિઓ વિશે જાણવા આતુર થયા. ઘણા બધાં બુક સ્ટોલ ઉપર ભેગા થઈ ગયા અને પુસ્તકો ઉથલાવવા લાગ્યા અને પધ્ધતિ વિશે વિશેષ પૃચ્છા કરી.

ઈનામ વિતરણ એ વિદ્યાર્થીઓ અને તેમનાં કુંટુબો સુધી પહોંચવાનો નાનકડો પ્રયાસ હતો જેથી તેઓ કદાચ ઈનામોથી પણ વિશેષ કંઈ લઈ જાય અને જો તેમના પ્રકાશિત ચહેરાઓ કંઈ દર્શાવતા હોય તો એ છે કે એમના હૃદયમાં તાર ઊંડે સુધી પહોંચી ગયા હશે.

# પ્રકાશનું કેન્દ્ર





## જયપુર ઝોનલ આશ્રમ

જયપુર એ ઐતિહાસિક રાજ્ય રાજસ્થાન ની રાજધાની છે, જેનો આશ્રમ રાજસ્થાનનો ઝોનલ આશ્રમ છે. તે આશ્રમ જયપુર – અજમેર હાઈવે ઉપર શહેર થી લગભગ ૧૯ કી.મી. અને એરપોર્ટથી આશરે ૨૩ કી.મી.દૂર આવેલ છે. તે ૧૦ એકર જમીન ઉપર પથરાયેલો છે, જે ઓગષ્ટ ૨૦૦૨માં ખરીદવામા આવેલો છે અને જેને અડીને ૨૧ એકર જમીન ઉપર અભ્યાસી કોલોની આવેલ છે, જેનુ નામ માસ્ટરે "માસ્ટર ક્રીએશન" રાખેલું છે.

૨૭મી ઓક્ટોબર ૨૦૦૨ના રોજ જ્યારે માસ્ટરે આ જગ્યાની મુલાકાત લીધી હતી ત્યારે અહીં વાંસના માળખાકીય બંધારણથી બનાવેલ ધ્યાન ખંડ, રસોડું, ઓફીસ અને માસ્ટરની કોટેજ હતા. ત્યારપછીની માસ્ટરની અવારનવારની મુલાકાતો દરમિયાન તેમણે આશ્રમ અને અભ્યાસી કોલોનીના બાંધકામના પ્લાનને આકાર આપવામાં મદદ કરી હતી. તેમના માર્ગદર્શન મુજબ જ આશ્રમનું બાંધકામ રાજસ્થાની સ્થાપત્યકલા મુજબ કરવામાં આવેલું છે.

૧૭મી મે, ૨૦૦૯ ના રોજ માસ્ટરે ખાતમુર્હત કર્યા બાદ, માત્ર ૧૫ મહીનામાં અભ્યાસી સ્વયંવસેવકોના ઉત્સાહીત સહકારથી બાંધકામ કાર્ય પૂર્ણ થયું હતું. ૩૦ જુલાઈ ૨૦૧૦ ના રોજ રાજસ્થાન અને આસપાસના રાજ્યોના અભ્યાસીઓની હાજરીમાં માસ્ટરે આ ઝોનલ આશ્રમ તેમના ગુરુજી પૂજ્ય શ્રી બાબુજી મહારાજને સમર્પિત કર્યો હતો. પૂ.માસ્ટરે તેમના બીજા દીવસના વકતવ્યમાં જણાવ્યું હતું કે રાજસ્થાન તેમની મનપસંદ જગ્યાઓમાંની એક છે. તેમણે જણાવ્યું કે જ્યાં સમર્પણ છે ત્યાં પ્રકૃતિની કૃપા પણ આપણી સાથે હોય છે.

આ સુવ્યવસ્થિત આશ્રમમા ૧૦,૦૦૦ ચો.ફૂટનો ધ્યાન ખંડ અને ૬,૩૦૦ ચો.ફૂટની માસ્ટરની ઓફીસનો સમાવેશ થાય છે. તેમજ ૩૦૦ અભ્યાસીનો સમાવેશ કરી શકે તેવી ડોરમેટરી અને ઓફીસો ભોંયરામાં આવેલ છે. સંપૂર્ણ આશ્રમ વિવિધ વૃક્ષો અને છોડોથી સુશોભીત છે.

આ આશ્રમનુ શાંત અને દિવ્ય વાતાવરણ અભ્યાસીઓની સક્રિયતામા વધારો કરે છે. સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ટ્રેનીંગ પ્રોગ્રામો, વીબીએસઈ કાર્યક્રમો, નિબંધ લેખન સ્પર્ધાઓ, બાળકો અને યુવાનો માટેના કાર્યક્રમો, ઓપન હાઉસ સત્રો અને સમૂહ ચર્ચા ના કાર્યક્રમો યોજવામાં આવે છે.

માસ્ટરની કૃપાદૃષ્ટિથી આ 'દીવ્ય પ્રકાશ' નુ કેન્દ્ર અભ્યાસીઓને મિશન માટે કાર્ય કરવાની અને પોતાને અનુરૂપ ઉન્નતિ કરવાની યોગ્ય તક આપે છે.











© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.